# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 19-03-2024 Morning : 7.45 to 7.55
Day : Tuesday National News

### આકાશવાણી સમાચાર **હર્ષ લેઉઆ** વાંચે છે.

****************************************************

- રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ સનદી સેવાના અધિકારીઓને કાર્યક્ષમ અને કુશળ વહીવટ માટે આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ, બિગ ડેટા એનાલિટિક્સ જેવી નવીનતમ તકનીકોનો ઉપયોગ કરવા જણાવ્યું છે.
- પ્રધાનમંત્રી અને ભાજપના વરિષ્ઠ નેતા નરેન્દ્ર મોદી કેરળમાં આજે પલક્કડ શહેરમાં રોડ-શો કરીને ચૂંટણી પ્રચારની શરૂઆત કરશે.
- કેન્દ્રિય ચૂંટણીપંચે લોકસભાની ચૂંટણી પહેલાં ગુજરાત સહિત છ રાજયોના ગૃહસચિવો અને પશ્ચિમ બંગાળના પોલીસ મહાનિદેશકની બદલી કરી છે.
- કેન્દ્રીય ચૂંટણીપંચે જાહેર કરેલા કાર્યક્રમ મુજબ સિક્કિમ વિધાનસભાની ચૂંટણી માટેનું જાહેરનામું આવતીકાલે બહાર પડશે.
- મિયામી ઓપન ટેનિસમાં, ભારતના સુમિત નાગલે પુરૂષ સિંગલ્સ કેટેગરીમાં રાઉન્ડ ઓફ 64માં પ્રવેશ મેળવ્યો છે.
- સ્વિસ ઓપન સુપર-300 બેડમિન્ટન ટુર્નામેન્ટ-2024 આજથી સ્વિટ્ઝર્લેન્ડના બેસલમાં શરૂ થશે.

************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# PREZ - CIVIL OFFICERS

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ સનદી સેવાના અધિકારીઓને કાર્યક્ષમ અને કુશળ વહીવટ માટે આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ, બ્લોકચેન અને બિગ ડેટા એનાલિટિક્સ જેવી નવીનતમ તકનીકોનો ઉપયોગ કરવા જણાવ્યું છે. તેમણે જણાવ્યું હતું કે, સમૃદ્ધ અને વૈવિધ્યસભર અનુભવો, નવા વિચારો અને નવી તકનીકોનું સંકલન એવા પ્રભાવશાળી ફેરફારો લાવી શકે છે જેની કોઈ કલ્પના પણ ન કરી શકે.

રાષ્ટ્રપતિ મુર્મુ ગઈકાલે રાષ્ટ્રપતિ ભવનમાં રાજ્યના સનદી સેવાઓના અધિકારીઓને સંબોધિત કરી રહ્યા હતા. અધિકારીઓ લાલ બહાદુર શાસ્ત્રી નેશનલ એકેડમી ઓફ એડમિનિસ્ટ્રેશન, LBSNAA, મસૂરી ખાતે 125મા ઇન્ડક્શન ટ્રેનિંગ પ્રોગ્રામમાં ભાગ લઈ રહ્યા છે.

# KERALA-PM ROADSHOW

પ્રધાનમંત્રી અને ભાજપના વરિષ્ઠ નેતા નરેન્દ્ર મોદી કેરળમાં NDA ઉમેદવારોના સમર્થનમાં આજે પલક્કડ શહેરમાં રોડ-શો કરીને ચૂંટણી પ્રચારની શરૂઆત કરશે.

આ રોડ શો કોટા મેદાનથી નગરના હેડ પોસ્ટઓફિસ રોડ સુધીના એક કિમીના પટમાં યોજાશે. રોડ શો પછી, શ્રી મોદી તામિલનાડુના સાલેમ જવા રવાના થશે જ્યાં તેઓ આજે બપોરે એક જાહેર સભાને સંબોધશે. ગઈકાલે સાંજે તેમણે કોઈમ્બતુરમાં રોડશો કર્યો હતો. શ્રી મોદીએ 1998માં શહેરને હચમચાવી મૂકનાર કોઈમ્બતુર શ્રેણીબદ્ધ બોમ્બ વિસ્ફોટોના પીડિતોને પણ શ્રદ્ધાંજલિ આપી હતી.

# PM-RALLY

પ્રધાનમંત્રી અને ભાજપના વરિષ્ઠ નેતા નરેન્દ્ર મોદીએ ગઈકાલે કર્ણાટક અને તેલંગાણામાં ચૂંટણી રેલીઓને સંબોધી હતી. કર્ણાટકના શિવમોગા જિલ્લામાં જાહેર સભામાં બોલતા, શ્રી મોદીએ કહ્યું કે દેશે વિકાસ પર ભાજપનું કાર્ય જોયું છે. તેમણે કોંગ્રેસ પર ખોટા વાયદા કરવામાં માહેર હોવાનો આરોપ લગાવ્યો હતો.

આ પહેલા મોદીએ તેલંગાણાના જગતિયાળ ખાતે જાહેર સભા કરી હતી. તેમણે કહ્યું કે ચંદ્ર પરના સ્થળ જ્યાં ચંદ્રયાન-૩નું લેન્ડર વિક્રમ નીચે ઉતર્યું હતું તેને 'શિવ શક્તિ બિંદુ' નામ આપવામાં આવ્યું છે.

# EC-PREZ

ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર અને ડૉ. સુખબીરસિંહ સંધુ ગઇકાલે રાષ્ટ્રપતિ ભવનમાં રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુને મળ્યા હતા. બંને ચૂંટણી કમિશનરોની નિમણૂંક ગયા અઠવાડિયે કરવામાં આવી હતી.

# ECI--HOME-SECYS

કેન્દ્રીય ચૂંટણીપંચે લોકસભાની ચૂંટણી પહેલાં ગુજરાત સહિત છ રાજયોના ગૃહસચિવો અને પશ્ચિમ બંગાળના પોલીસ મહાનિદેશકની બદલી કરી છે.

સૂત્રોના જણાવ્યા મુજબ ગુજરાત, ઉત્તરપ્રદેશ, બિહાર, ઝારખંડ, હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડના ગૃહસચિવોની બદલી કરાઇ છે. મિઝોરમ અને હિમાચલ પ્રદેશના સામાન્ય વહીવટ વિભાગના સચિવોની પણ બદલી કરવામાં આવી છે. આ ઉપરાંત બૃહન્મુંબઇ મહાનગરપાલિકાના કમિશ્નર ઇકબાલસિંહ ચહલ અને એડિશનલ કમિશ્નરની પણ બદલી કરવાનો નિર્દેશ અપાયો છે.

# SIKKIM-ELECTIONS

કેન્દ્રીય ચૂંટણીપંચે જાહેર કરેલા કાર્યક્રમ મુજબ સિક્કિમ વિધાનસભાની ચૂંટણી માટેનું જાહેરનામું આવતીકાલે બહાર પડશે.

ઉમેદવારી પત્રો ભરવાની છેલ્લી તારીખ 27મી માર્ચ હશે, 28મી એ ઉમેદવારી પત્રોની ચકાસણી કરાશે, જ્યારે ઉમેદવારી પત્રો પાછા ખેંચવાની છેલ્લી તારીખ 30મી માર્ચ છે. મતદાન 19મી એપ્રિલે જ્યારે વિધાનસભાની ચૂંટણીની મતગણતરી આગામી બીજી જૂને અને લોકસભાની બેઠક માટેની મતગણતરી 4થી જૂને યોજાશે.

સિક્કિમના મુખ્ય ચૂંટણી અધિકારીએ જણાવ્યું છે કે સિક્કિમમાં ચાર લાખ, 63 હજાર 929 મતદારો છે. આ પૈકી બે લાખ 32 હજાર 381 પુરુષ મતદારો, અને બે લાખ 31 હજાર 545 મહિલા મતદારો છે.

તેમણે વધુમાં જણાવ્યું છે કે દરેક મતદાન મથકે દિવ્યાંગો અને વરિષ્ઠ નાગરિકો સહિત બધા જ મતદારોને જરૂરી સુવિધાઓ પૂરી પડાશે.

# NIRMALA- ADB

નાણામંત્રી નિર્મલા સીતારમણે ગઈકાલે નવી દિલ્હીમાં એશિયન ડેવલપમેન્ટ બેંકના વાઇસ પ્રેસિડેન્ટ ભાર્ગવદાસ ગુપ્તા સાથે મુલાકાત કરી હતી. મુલાકાત દરમ્યાન, વિકાસ એજન્ડાને આગળ વધારવા માટે એશિયન ડેવલપમેન્ટ બેંક ભારત સાથે કેવી રીતે ભાગીદારી કરી શકે તે અંગે મંતવ્યોનું આદાનપ્રદાન કરાયું હતું. ભારતના વિકાસમાં ભાગ લેવા માટે એશિયન ડેવલપમેન્ટ બેંકની અન્ય જાહેર અને ખાનગી ક્ષેત્રની સંસ્થાઓમાં સહભાગી થવા અંગેની પણ ચર્ચા કરાઈ હતી.

# CDS- GENERAL

આર્મ્ડ ફોર્સિસ મેડિકલ કોલેજ- AFMC,પુણેને ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ જનરલ અનિલ ચૌહાણ દ્વારા યુનિટ પ્રશસ્તિપત્ર આપવામાં આવ્યું છે. આ પુરસ્કાર 01 જુલાઇ 2022 થી 30 જૂન 2023 દરમિયાન આપવામાં આવેલી અસાધારણ પ્રતિબદ્ધતા અને અનુકરણીય સેવાઓ માટે આપવામાં આવે છે.

AFMCના ડિરેક્ટર અને કમાન્ડન્ટ, લેફ્ટનન્ટ જનરલ નરેન્દ્ર કોટવાલ અને સુબેદાર મેજર આરકે સિંઘને CDS દ્વારા પ્રશસ્તિપત્ર અપાયા હતા.

ઉલ્લેખનીય છે કે AFMC એ એશિયામાં કોઈપણ દેશના સશસ્ત્ર દળોદ્વારા સ્થાપવામાં આવેલી પ્રથમ મેડિકલ કોલેજ છે અને તે દેશની ટોચની ત્રણ મેડિકલ કોલેજોમાં સ્થાન ધરાવે છે.

# SHILLONG-DIGITALINDIA REGIONAL WORKSHOP

ઈલેક્ટ્રોનિક્સ અને માહિતી પ્રૌદ્યોગિકી મંત્રાલય (MeitY) તથા મેઘાલય સરકારના આયોજન, રોકાણ અને ટકાઉવિકાસ વિભાગના સહયોગથી ગઈકાલે શિલોંગમાં "ડિજિટલ ઈન્ડિયા નોર્થઈસ્ટ રિજનલ વર્કશોપ"નું આયોજન કરાયું હતું.

આ કાર્યશાળામાં, ડિજિટલ ટ્રાન્સફોર્મેશન દ્વારા મેળવેલી કાર્યક્ષમતા દર્શાવાઇ હતી. ઈલેક્ટ્રોનિક્સ અને આઈટી મંત્રાલયના સચિવે જણાવ્યું હતું કે મેઘાલયે સંયુક્ત રાષ્ટ્ર પુરસ્કાર જીતીને સમગ્ર રાષ્ટ્રને ગૌરવ અપાવ્યું છે.

# MIAMI OPEN TENNIS

મિયામી ઓપન ટેનિસમાં, ભારતના સ્ટાર ખેલાડી સુમિત નાગલે મેન્સ સિંગલ્સ કેટેગરીમાં રાઉન્ડ ઓફ 64માં પ્રવેશ મેળવ્યો છે. નાગલે ગઈકાલે રાત્રે ક્વોલિફાઈંગ રાઉન્ડમાં કેનેડાના ગેબ્રિયલ ડાયલોને સીધા સેટમાં 7-6, 6-2થી હરાવ્યો હતો.

શુક્રવારથી રાઉન્ડ ઓફ 64નો પ્રારંભ થશે. અત્યાર સુધી, નાગલ ક્વોલિફાઇંગ એન્ટ્રી લિસ્ટમાં 16માં ક્રમાંકે છે.

# IGNCA

ઈન્દિરા ગાંધી નેશનલ સેન્ટર ફોર ધ આર્ટસ (IGNCA) નો 37મો સ્થાપના દિવસ આજથી નવી દિલ્હીમાં IGNCA પરિસરમાં ઉજવવામાં આવશે.

ત્રણ દિવસીય કાર્યક્રમમાં વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવશે, જેમાં શાસ્ત્રીય ગાયન, સંગીતનાં સાધનો, નૃત્ય, ફૂલોની હોળી, વર્કશોપ અને બાસ્કેટરી પ્રદર્શનનો સમાવેશ થાય છે.

# BULGARIAN PRESIDENT - INDIAN NAVY

બલ્ગેરિયાના રાષ્ટ્રપતિ રુમેન રાદેવે હાઇજેક કરાયેલા બલ્ગેરિયન જહાજ એમ.વી. રુએન પર સફળતાપૂર્વક બચાવ કામગીરી હાથ ધરવા બદલ ભારતીય નૌકાદળનો આભાર વ્યક્ત કર્યો છે. ગઈકાલે એક સોશિયલ મીડિયા પોસ્ટમાં, રાષ્ટ્રપતિ રાદેવે 7 બલ્ગેરિયન નાગરિકો સહિત તેના ક્રૂને બચાવવા બદલ ભારતીય નૌકાદળનો આભાર માન્યો હતો.

અગાઉ, બલ્ગેરિયાના વિદેશ મંત્રી મારિયા ગેબ્રિયલએ બલ્ગેરિયામાં ભારતીય રાજદૂત સંજય રાણા સાથે વાતચીત કરી હતી અને બલ્ગેરિયાના નાગરિકોને બચાવવા બદલ તેમનો આભાર માન્યો હતો. તેઓએ જણાવ્યું હતું કે, તમામ ખલાસીઓની તબિયત સારી છે અને હાલમાં તેમને બલ્ગેરિયા પાછા લાવવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.

ઉલ્લેખનીય છે કે સાત બલ્ગેરિયન નાગરિક અને 9 મ્યાનમારના નાગરિક તથા 1 અંગોલાના નાગરિકનેને લઈ જઈ રહેલું રૂએન જહાજનું ગયા વર્ષે ડિસેમ્બરમાં યેમેનીના ટાપુ સોકોત્રા નજીક અરબી સમુદ્રમાં ચાંચિયાઓએ અપહરણ કર્યું હતું.

# AFGHANISTAN PAKISTAN AIR STRIKES

અફઘાનિસ્તાને આરોપ કર્યો છે કે પાકિસ્તાને કરેલા હવાઈ હુમલામાં અફઘાનિસ્તાનમાં આઠ લોકો માર્યા ગયા છે. શનિવારે ખૈબર પખ્તુનખ્વાના ઉત્તર વઝીરિસ્તાનમાં થયેલા હુમલામાં સાત પાકિસ્તાની સૈનિકો માર્યા ગયા બાદ આ હુમલા કરવામાં આવ્યા છે.

મીડિયા અહેવાલો અનુસાર, ગઈકાલે ઇસ્લામાબાદ અને કાબુલ વચ્ચે તણાવભર્યું વાતાવરણ સર્જાયું હતું. પાકિસ્તાને અફઘાનિસ્તાનમાં "ઈન્ટેલિજન્સ-આધારિત એન્ટી-ટેરરિસ્ટ ઓપરેશન્સ" હાથ ધરવાનું સ્વીકાર્યું છે.

પાકિસ્તાને કહ્યું છેકે આ હુમલામાં સરહદી વિસ્તારોમાં છુપાયેલા સશસ્ત્ર જૂથોને નિશાન બનાવવામાં આવ્યા હતા. ઉલ્લેખનીય છે કે 2021માં તાલિબાનોએ દેશ પર ફરીથી કબજો મેળવ્યો ત્યારથી અફઘાનિસ્તાન અને પાકિસ્તાન વચ્ચે તણાવ વધી રહ્યો છે

BIDEN--NETANYAHU-TALKS.rtf

અમેરિકી રાષ્ટ્રપતિ જો બાઈડેને ઇઝરાયેલના પ્રધાનમંત્રી બેન્જામિન નેતન્યાહુ સાથે ફોન પર વાત કરી હતી અને કહ્યું હતું કે રફાહમાં આક્રમણ એ ભૂલ હશે. વધતા તણાવ વચ્ચે, બંને નેતાઓ એક મહિનામાં પ્રથમ વખત ટેલિફોન પર વાત કરી રહ્યા હતા.વ્હાઇટ હાઉસના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર જેક સુલિવાનના જણાવ્યા મુજબ, અમેરિકન પ્રમુખે નેતન્યાહુને કહ્યું હતું કે ગ્રાઉન્ડ સ્ટ્રાઇક વધુ નિર્દોષ નાગરિકોના મૃત્યુ તરફ દોરી જશે, અને ત્યાં પહેલાથી જ ગંભીર માનવતાવાદી સંકટ વધુ ખરાબ થશે. ગાઝામાં અંધાધૂંધી વધુ થશે અને ઈઝરાયેલ આંતરરાષ્ટ્રીય સ્તરે અલગ થઈ જશે.

શ્રી સુલિવાને એમ પણ કહ્યું હતું કે નેતન્યાહુએ ઇઝરાયેલની રફાહ યોજનાઓ અને સંભવિત વૈકલ્પિક અભિગમ અંગે ચર્ચા કરવા માટે વરિષ્ઠ ઇઝરાયેલી અધિકારીઓના પ્રતિનિધિમંડળને વોશિંગ્ટન મોકલવાની બાઈડેનની વિનંતીને સ્વીકારી હતી. દરમિયાન, સંયુક્ત રાષ્ટ્રસંઘ - સમર્થિત સંકલિત ખાદ્ય સુરક્ષા તબક્કા વર્ગીકરણે જણાવ્યું છે કે જોતાત્કાલિક સહાય પહોંચાડવામાં નહીં આવે તો ઉત્તર ગાઝામાં દુષ્કાળનું જોખમ છે. ગાઝાપટ્ટીમાં વિનાશક ભૂખનો સામનો કરી રહેલા લોકોની સંખ્યા વધીને 1.1 કરોડ થઈ ગઈ છે, જે ગાઝાની લગભગ અડધી વસ્તી છે, એમ અહેવાલમાં જણાવાયું છે.

SWISS-OPEN-BADMINTON.rtf

સ્વિસ ઓપન સુપર-300 બેડમિન્ટન ટુર્નામેન્ટ-2024 આજથી સ્વિટ્ઝર્લેન્ડના બેસલમાં શરૂ થશે. પુરુષોની સિંગલ્સમાં ભારતના સાતમા ક્રમાંકિત લક્ષ્યસેન રાઉન્ડ ઓફ 32માં મલેશિયાના લીઓંગ જુન હાઓ સામે પોતાની રમતની શરૂઆત કરશે જ્યારે કિદામ્બી શ્રીકાંત તાઈવાનના વાંગ ત્ઝુ-વેઈ સામે ટકરાશે.

મહિલા સિંગલ્સમાં ચોથી ક્રમાંકિત પી.વી. સિંધુનો મુકાબલો રાઉન્ડ ઓફ 32માં જર્મનીની યવોન લી સામે થશે. મહિલા ડબલ્સમાં અશ્વિની પોનપ્પા અને તનિષાક્રાસ્ટોની છઠ્ઠી ક્રમાંકિત જોડીનો મુકાબલો ઈન્ડોનેશિયાની મેલિસા ટ્રાયસપુસ્પિતસારી અને રશેલ એલેસ્યા રોઝ સામે થશે. આ સાથે જ ત્રીસા જોલી અને ગાયત્રી ગોપીચંદની અન્ય એક ભારતીય જોડી અમેરિકાની એની ઝુ અને કેરી ઝુ સામે ટકરાશે. ,આ ટુર્નામેન્ટ 24 માર્ચે સમાપ્ત થશે.